દાખલ તારીખ: ૧૧–૦૩–૨૦૨૬

નોંધ્યા તારીખ: ૧૧–૦૩–૨૦૨૬

ફેસલ તારીખ: ૧૩–૩–૨૦૨૬

સમયગાળો: વર્ષ માસ દિવસ

**ખેડા જીલ્લાના મહે.પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ, મુ.નડીઆદ સમક્ષ**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૩/૨૦૨૬**
**ચકલાસી પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૦૪૦૧૭૨૬૦૦૮૪/૨૦૨૬**
**આંક–**

**XXXX XXXX XXXX** કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકના વાલી

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **ફરીયાદી**

**ગુન્હો:– જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૧૨ મુજબની જામીન અરજી**

**જુવેનાઇલ તરફે વિ.વ.શ્રી જે.એસ.મલેક**
**સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.ઠાકોર**

**:: ચુ કા દો ::**

(૧) સદરહુ જુવેનાઈલની જામીન અરજી બાબતે તેના વાલીના વકીલશ્રીને સાંભળ્યા તથા વિ.પી.પી.પી. નો શેરો ધ્યાને લીધો. જામીન અરજી નિર્ણીત કરતી વખતે "ધ જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન

ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫" ની કલમ ૧૨ અંતર્ગત જો જુવેનાઈલને મુક્ત કરવાથી તે કોઈ અન્ય ગુનામાં સંડોવાઈ શકે તેવી શક્યતા હોય અથવા જામીન મુક્તિથી જુવેનાઈલને નૈતિક શારીરિક અથવા મનોવૈજ્ઞાનિક જોખમ તરફ પ્રેરાવવા સંભાવના હોય ત્યારે અથવા જામીન મુક્તિના કારણે કાયદાનો હેતુ જળવાય તેમ ન હોય, ત્યારે જ જામીન મુક્ત નહીં કરવા સંદર્ભે જોગવાઈ છે. બાકીના તમામ સંજોગોમાં જુવેનાઈલને જામીન મુક્ત થવાનો અધિકાર છે.

(૨) હાલની જામીન અરજી સંદર્ભે જુવેનાઇલના વિ.વ.શ્રીની રજુઆત છે કે, તેઓ નિર્દોષ છે અને કોઇ ગુનો કરેલ નથી. અરજદાર કુમળી વયના હોઇ અને હાલ અભ્યાસ ધો.૧૨ કોમર્સમાં અભ્યાસ કરતા હોય અને બોર્ડની એકઝામ ચાલતી હોય અને હજુ પણ બે વિષયની પરીક્ષા બાકી હોઇ અને જે તા.૧૨–૩–૨૦૨૬ ના રોજ સેક્રેટરીયલ પ્રેકટીસ તેમજ તા.૧૭–૩–૨૦૨૬ ના રોજ એલીમેન્ટ ઓફ એકાઉન્ટની એકઝામ આપવાની બાકી હોઇ અને જો પરીક્ષા ના આપે તો તેઓનું ઉજળું ભવિષ્ય અંધકારમય બની જાય તેમ છે અને જો સદર કામના જુવેનાઇલને મુકત કરવામાં આવે તો નામ. બોર્ડ ફરમાવશે તે મુજબની તમામ શરતોનું પાલન કરવા તેઓ તૈયાર અને ખુશી હોઇ, જુવેનાઇલને જામીન મુકત કરવા અરજ જુવેનાઇલના વાલી દ્વારા કરવામાં આવેલ છે.

(૩) જયારે શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી દ્વારા જામીન ઉપર શેરો કરી સદર કામમાં કા.સ.બા.ની એકઝામ બાબતે પુરતી તપાસ કરી અસલ ડોકયુમેન્ટ જોઇ તપાસીને પરીક્ષા પુરતા એકઝમ્પશન આપવા સામે વાંધો નથી તેમ જણાવેલ છે.

(૪) સદર જામીન અરજી અનુસંધાને આ કામના અરજદાર જુવેનાઇલને ધો.૧૨ કોમર્સની પરીક્ષા હોઇ તેવા હેતુથી હાલની જામીન અરજી રજુ કરેલ હોઇ અને બે વિષયની એકઝામ બાકી હોવાની રજુઆત કરેલ હોય આ કામના તપાસ કરનારને નોટીસ કરતા તેઓ હાજર થઇ શ્રી એમ.એસ.પટેલ વિદ્યાલય, અલીન્દ્રાનો તા.૧૨–૩–૨૦૨૬ ના રોજનો પત્ર રજુ કરેલ છે. જે મુજબ જુવેનાઇલની એકઝામ ચાલુ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ સદરહુ વિદ્યાર્થીએ પરીક્ષા ચાલુ થયેથી આજદિન સુધી

એકપણ વિષયની પરીક્ષાના પેપરમાં હાજર રહેલ નથી તેમ જણાવેલ છે. જે ધ્યાને લીધું તથા જીલ્લા બાળ સુરક્ષા એકમ, આણંદ તરફથી રજુ થયેલ સામાજીક તપાસ અહેવાલ વંચાણે લીધો.

(૫) સદર કામે ફરીયાદપક્ષની હકીકતો તેમજ એફ.આઇ.આર. વંચાણે લેતા તથા અરજદારની જામીન અરજી ધ્યાને લેતાં આ કામના અરજદારે કોઇ બીજા હેતુસર હાલની જામીન અરજી કરેલ હોવાનું જણાય છે. જો અરજદારના પુત્ર એકઝામ આપવા માંગતા હોય તો પહેલેથી તેઓએ તમામ પરીક્ષા કે અમુક પરીક્ષા આપેલી હોવી જોઇએ. પરંતુ તપાસ કરનાર તથા શ્રી એસ.એમ. પટેલ વિદ્યાલય તરફથી જે પત્ર રજુ થયેલ છે તેમાં બીજી જ હકીકતો દર્શાવે છે. જેથી આ કામના અરજદારે જુવેનાઇલને એકઝામમાં બેસવા દેવાના હેતુસર જે હાલની અરજી કરેલ છે તેનું કારણ યોગ્ય જણાઇ આવતું નથી. પરંતુ જુવેનાઇલના ભવિષ્યને ધ્યાનમાં રાખી હાલના કામના જુવેનાઇલના વકીલશ્રીના જણાવ્યા મુજબ જુવેનાઇલનો આ પ્રથમ ગુન્હો હોય અને જુવેનાઇલનો કોઇ ગુનાહીત ઈતિહાસ ન હોય અને ટ્રાયલ દરમ્યાન નામ. બોર્ડમાં નિયમીત હાજર રહેશે તે હકીકત પણ રેકર્ડ ઉપર ધ્યાને લીધી. આમ, સદર કામના જુવેનાઇલના વાલીના જામીન લઇ જુવેનાઇલને જામીન ઉપર મુકત કરવા જોઇએ તેમાં તમામ જુવેનાઇલનું હીત સમાયેલ છે તેવું અત્રેના બોર્ડને માનવાને કારણ હોય, જેથી તમામ જુવેનાઇલના હિતને ધ્યાનમાં રાખી ન્યાયના વિશાળ હીતમાં સદર જામીન અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>::- હુ ક મ -::</u>

આ કામના જુવેનાઇલના વાલીની જુવેનાઇલની જામીન પર મુકત થવાની અરજી નીચે મુજબની શરતોને આધીન અંશત: મંજુર કરવામાં આવે છે.

**<u>શરતો:-</u>**

:૧: જુવેનાઇલના વાલીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના બે જામીન તેમજ તેટલી જ રકમના બોન્ડ અત્રેના બોર્ડમાં રજુ કરવા.

:૨: જુવેનાઈલના વાલી સદર જુવેનાઈલ ફરીથી આવા પ્રકારની ગુનાહીત પ્રવૃત્તીમાં સંડોવાય નહી તેની પુરેપુરી પુરતી કાળજી રાખવી.

:૩: જુવેનાઈલના વાલીએ તથા જામીનદારે હાલનું રહેઠાણનું સરનામું મોબાઈલ નંબર સાથે પુરસીસથી જાહેર કરવું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **મુ.નડીઆદ.**<br>**તા.૧૩–૦૩–૨૦૨૬** | **(કુ.દર્શના પ્રહલાદભાઈ છાટબાર)**<br>પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ,<br>જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, નડીઆદ.<br>કોડ નં.જી.જે.૦૧૪૨૬ |